# બેટી બચાવો

ગીત : [પાણી ગ્યાતા રે અમે તળાવના..... ]

ગગલીની મા : અલી ચંપા કાલ ચો જઈતી ?

ચંપા : કાલ તો પિક્ચર જોવા જઈતી .

મા : કયુ પિક્ચર જોયુ ?

ચંપા : મૈયરની ચુંદડી.

મા : હું કેશ ? પિક્ચર જોવા જઈતી હું ય માર ગગલીના બાપાને કહું લે આ બેડું માથે મૂકાવ.

ગીત : હાં રાજ રે પાણી ભરવા ગ્યાતા.....]

મા : અલ્યા ગગલીના બાપા કહું છું આ બેડું મૂકાવો છો કે ભોંય નાખુ.

બાપા : લે આ મૂકાવુ.

મા : અલ્યા ગગલીના બાપા કહુ છું માર બહેનપણી ચંપા નહિ એ તો પિક્ચર જોવા જઈતી

[કાન દઈને સાંભળ]

મા : હુ કહો છો નહિ લઈ જવાના તો હુ તો ચાલી માર પિયર .

બાપા : હેડ

મા : હુ કહો છો ? લઈ જવાના છો એમ તો માર ગગલીના બાપા બહુ ડાહ્યા

[જુઓ કેવા મનાવી લીધા] હું કોણ હંસા હોંશિયાર.

બાપા : [ખાવાનુ કહે છે.]

મા :  હુ કો છો ભૂખ લાગી છે.

બાપા : [હા પાડે છે.]

મા :  હેડો તાણ હુ તો બે રોટલા ઘડી દઉ.

બાપા : [તૈયાર થાય છે પછી જમવા બેસે છે.]

મા : કહુ છુ માર બાપાના ઘરનું ધોતિયું પહેરજો અને ગગલીને પેલુ સુરતથી ફ્રોક લાવ્યા તે પહેરાવજો.

બાપા : [લ્યો તમારી વાતોમાંને વાતોમાં આ રોટલો બળી ગયો આ રોટલોએ બળેલોને તમેય બળેલા.]

મા : લો હુંયે ઝટ તૈયાર થઈ જાઉ અલી પુષ્પાળી પાવડર આપને અલી લીલાળી લાલી આપને આજે તો માર ઘરવાળા પિક્ચર જોવા લઈ જવાના [બસમાં બેસી શહેરમાં જઈ બસમાંથી ઉતરીને સિનેમાની બારી પાસે જાય છે.]

મા : અલ્યા ગોમના દિયર ટકટ આપને .[મૈયરની ચુંદડી પિક્ચરમા એક પરિવારમાં દિકરી જન્મી હોવાથી ઘરના લોકો ઉદાસ હોય છે.]

મા : અલ્યા ગગલીના બાપા કહુ છુ આને કઈ સમજાવોને

બાપા : સમજાવવાનો પ્રયત્નકરે છે. આ તમાર મૂછો હોય તો સમજાવોને હુ કોણ હુંસા હોંશિયાર .

Girl great